Subject : વિજ્ઞાન
Standard : ધોરણ 8
Chapter : 7
Name : _______________

# પે.સે.કુમાર શાળા રાણા વડવાળા
# તા. રાણાવાવ, જિ. પોરબંદર

Exam Time : 1 Hour
Date : 22/05/2020
Marks : 50
Roll No. : ____________

---

## SECTION - A

**➽ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો** (Marks - 05)

1. સાતપુડા જંગલમાં કયાં ઊંચાં વૃક્ષો જોવા મળે છે?
   A. લીમડા B. વડ C. જંગલી આંબા D. સાગ
2. વનસ્પતિને પ્રકાશસંશ્લેષણ માટે કયા વાયુની જરૂર હોય છે?
   A. ઑક્સિજન B. નાઇટ્રોજન C. કાર્બન ડાયૉક્સાઇડ D. સલ્ફર ડાયૉક્સાઇડ
3. ભૂમિ પરનું પડ દૂર કરવાથી નીચેના સખત પથ્થરોનાં સ્તરો દેખાય છે. ધીમે ધીમે તેમાંથી શું થાય છે ?
   A. પૂર આવે છે B. દુકાળ આવે છે. C. જૈવ આરક્ષણ D. રણનિર્માણ
4. પૃથ્વીનો એ ભાગ જ્યાં સજીવો વસવાટ કરે છે, તેને શું કહેવાય ?
   A. જીવાવરણ B. મૃદાવરણ C. જલાવરણ D. વાતાવરણ
5. નીચેનામાંથી કયું જંગલી પ્રાણી ભારતની રેડ ડેટાબુકમાં સૂચિબદ્ધ નથી ?
   A. ઉડતી ખિસકોલી B. ચિત્તો C. વાઘ D. જંગલી કૂતરો

**➽ ખાલી જગ્યા પૂરો** (Marks - 05)

1. એવું ક્ષેત્ર જ્યાં પ્રાણીઓ પોતાના કુદરતી નિવાસમાં સુરક્ષિત હોય છે તેને ........................કહેવાય છે.
2. એકબીજા સાથે આંતરપ્રજનન કરવા સક્ષમ સજીવોની વસતિનો સમુહ ........................ થી ઓળખાય છે.
3. કોઈ પણ ક્ષેત્રમાં જોવા મળતી વનસ્પતિઓ, પ્રાણીઓ અને સૂક્ષ્મ જીવોની વિભિન્ન જાતિઓ એટલે ........................
4. પર્યાવરણના જૈવ ઘટકો અને અજૈવ ઘટકો સંયુક્ત સ્વરૂપે........................ નું નિર્માણ કરે છે.
5. વૃક્ષોની કાપણી થવાથી ભૂમિની ફળદ્રુપતામાં ...........થાય છે

**➽ નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો** (Marks - 05)

1. કુદરતી વનનાબૂદીનાં કારણે વરસાદ અને ભયંકર દુષ્કાળ છે.
2. એક જ જાતિના સભ્યો સામાન્ય લક્ષણો ધરાવે છે અને પ્રજનનક્ષમ સંતતિનું નિર્માણ કરી શકે છે.
3. વનનાબૂદીનાં કારણે પૃથ્વી પરના તાપમાનનાં વધારાથી વાતાવરણમાં ઓક્સિજનનાં સ્તરનો વધારો થાય છે.
4. પ્રોજેક્ટ ટાઈગર'નો પ્રોજેક્ટનો ઉદેશ આપણા દેશમાં વાઘનાં જીવન અને તેના ખોરાકની જાળવણી કરવાનો છે.
5. વાપરેલ કાગળને 5થી 7 વખત રિસાઇકલ કરી શકાય છે.

**➽ તફાવત આપો** (Marks - 10)

1. વન્ય પ્રાણી અભયારણ્ય અને જૈવાવરણ આરક્ષિત વિસ્તાર
2. પ્રાણીસંગ્રહાલય અને વન્ય પ્રાણી અભયારણ્ય
3. નાશ:પ્રાય જાતિ અને લુપ્ત જાતિ
4. વનસ્પતિ સૃષ્ટિ અને પ્રાણીસૃષ્ટિ
5. પ્રાણીસંગ્રહાલય અને રાષ્ટ્રીય ઉદ્યાનમાં શું તફાવત છે ?

**➽ જોડકા જોડો** (Marks - 12)

BHAVDIP VADHER (E-LEARNING)

1. યોગ્ય જોડકાં બનાવો

| | | |
|---|---|---|
| 1. | અભયારણ્ય | (a) પર્યાવરણના સંપૂર્ણ નિવસનતંત્રનું |
| 2. | રાષ્ટ્રીય ઉદ્યાન સંરક્ષણ | (b) સજીવોનો વસવાટ સૂચવતો ભાગ |
| 3. | પ્રાણીસંગ્રહાલય | (c) પ્રાણીઓ અને તેમના નિવાસ ખલેલથી સુરક્ષિત |
| 4. | જૈવાવરણ | (d) પ્રાણીઓને રક્ષણ અને પોષણ મળે |

2. જોડકાં જોડો :

| | | |
|---|---|---|
| 1. | વન્યપ્રાણી અભયારણ | a) જંગલી કૂતરો |
| 2. | પ્રોજેક્ટ ટાઇગર | (b) સાગ |
| 3. | વનસ્પતિસૃષ્ટિ | (c) પચમઢી |
| 4. | પ્રાણીસૃષ્ટિ. | (d) સાતપુડા |
| 5. | સ્થાનિક જાતિ. | (e) રેડ ડેટાબુક |
| 6. | નાશપ્રાયઃ જાતિ | (f) વિશાળ ખિસકોલી |

3. જોડકા જોડો.

| | | |
|---|---|---|
| 1. | કાર્બન ડાયોક્સાઇડ. | (a) બોરી |
| 2. | વનનાબૂદી. | (b) પુનઃ ઉપયોગ |
| 3. | વન્યપ્રાણી અભયારણ્ય | (c) વૃક્ષોની કાપણી |
| 4. | કાગળની બચત | (d) વૃક્ષોની રોપણી |
| 5. | પુનઃ વનીકરણ | (e) પ્રકાશસંશ્લેષણ |
| 6. | ડાયનાસોર | (f) લુપ્ત જાતિ |

4. યોગ્ય જોડકાં બનાવો

| | | |
|---|---|---|
| 1. | સ્થાનિક જાતિ | (a) જંગલી ભેંસ |
| 2. | નાશ:પ્રાય જાતિ | (b) ડાયનોસૉર |
| 3. | લુપ્ત જાતિ | (c) સોનેરી બિલાડી |
| 4. | સંકટમાં મુકાયેલ જાતિ | (d) ઊડતી ખિસકોલી |

5. યોગ્ય જોડકાં બનાવો

| | | |
|---|---|---|
| 1. | કાઝીરંગા | (a) સમૃદ્ધ જૈવવિવિધતા |
| 2. | ગ્રેટ નિકોબાર | (b) રાષ્ટ્રીય ઉદ્યાન |
| 3. | લોકચાઉ | (c) બાયોસ્ફિયર રિઝર્વ |
| 4. | પશ્ચિમ ઘાટ | (d) વન્ય જીવ અભયારણ્ય |

## SECTION - B

**➽ નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો** **(Marks - 13)**

1. પુનઃ વનીકરણ એટલે શું ? તે શા માટે કરવું જોઈએ ?
2. પેપરનું રિસાયકલિંગ શા માટે કરવું જોઈએ ?
3. સ્થળાંતર એટલે શું ? પક્ષીઓ સ્થળાંતર શા માટે કરે છે ?
4. સાતપુડા રાષ્ટ્રીય ઉદ્યાનની વિશેષતાઓ જણાવો.
5. વનનાબૂદી એટલે શું? અને તેનાં કારણો જણાવો.
6. વનટાઈ એટલે શું? તેનાથી થતું નુકસાન કેવી રીતે પૂરી શકાય તે સમજાવો.
7. સાતપુડા રાષ્ટ્રીય ઉદ્યાન શું છે? તેમાં આવેલી ગુફાઓનું ઐતિહાસિક મહત્વ સમજાવો.
8. પચમઢી જૈવાવરણ આરક્ષિત વિસ્તાર સમજાવો.

BHAVDIP VADHER (E-LEARNING)

9. સંકટમાં મુકાયેલાં ક્યાં જંગલી પ્રાણીઓ આપણાં વન્ય પ્રાણી અભયારણ્યમાં સુરક્ષિત અને સંરક્ષિત છે ?
10. કયાં પ્રાણીઓનો લુપ્ત થવાનો ભય વધારે છે? શા માટે તેમને બચાવવા જોઈએ?
11. સ્થાનિક જાતિઓ એટલે શું? તેનાં ઉદાહરણ આપો.
12. વનનાબૂદીની ભૂમિ પર થતી અસરો લખો.
13. વનનાબૂદીના કારણે વરસાદમાં ઘટાડો કેવી રીતે આવ્યો છે ? સમજાવો.

## Best Of Luck

BHAVDIP VADHER (E-LEARNING)

Subject : વિજ્ઞાન
Standard : ધોરણ 8
Chapter : 7

# ANSWERS

Exam Time : 1 Hour
Date : 22/05/2020
Marks : 50

---

## SECTION - A

### ➽ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો (Marks - 05)

1. સાગ
2. કાર્બન ડાયૉક્સાઇડ
3. રણનિર્માણ
4. જીવાવરણ
5. ચિત્તો

### ➽ ખાલી જગ્યા પૂરો (Marks - 05)

1. વન્ય પ્રાણી અભયારણ્ય
2. જાતિ
3. જૈવવિવિધતા
4. નિવસનતંત્ર
5. ઘટાડો

### ➽ નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો (Marks - 05)

1. ખોટું (False)
2. ખરું (True)
3. ખોટું (False)
4. ખોટું (False)
5. ખરું (True)

### ➽ તફાવત આપો (Marks - 10)

1.

| | વન્ય પ્રાણી અભયારણ્ય | જૈવાવરણ આરક્ષિત વિસ્તાર |
|---|---|---|
| 1. | વન્ય પ્રાણીઓને તેમના કુદરતી નિવાસમાં સુરક્ષિત અને સંરક્ષિત રાખવા માટેના વિસ્તારને વન્ય પ્રાણી અભયારણ્ય કહે છે. | જે-તે ક્ષેત્રની જૈવવિવિધતા અને સંસ્કૃતિને જાળવી રાખવામાં સહાયક વિસ્તારને જૈવાવરણ આરક્ષિત વિસ્તાર કહે છે. |
| 2. | તેમાં પ્રાણીને પકડવા કે તેમના શિકાર પર પ્રતિબંધ હોય છે. | તેમાં અન્ય ઘણાં અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાન સમાયેલાં હોય છે. |

2.

| | પ્રાણીસંગ્રહાલય | વન્ય પ્રાણી અભયારણ્ય |
|---|---|---|
| 1. | તેમાં પ્રાણીઓને બંધનાવસ્થામાં રાખવામાં આવે છે. | તેમાં પ્રાણીઓ મુક્ત છૂટાં હોય છે. |
| 2. | તેમાં કુદરતી વસવાટની સમકક્ષ કૃત્રિમ વસવાટ પૂરા પાડવામાં આવે છે. | તે કુદરતી વસવાટ છે. |
| 3. | તેમાં પ્રાણીઓના રક્ષણ , ખોરાક, આરોગ્ય વગેરેની કાળજી રાખવામાં આવે છે. | તેમાં મુખ્યત્વે રક્ષણનો ઉદેશ હોવાથી પ્રાણીઓને નુકસાન થાય તેવી બધી પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ હોય છે |

BHAVDIP VADHER (E-LEARNING)

| 3. | નાશ:પ્રાય જાતિ | લુપ્ત જાતિ |
|---|---|---|
| | 1. નિર્ધારિત સંખ્યાથી ઓછી સંખ્યા ધરાવતી જાતિને નાશ:પ્રાય જાતિ કહે છે. | પૃથ્વી પર અસ્તિત્વ ગુમાવી ચૂકેલી જાતિને લુપ્ત જાતિ કહે છે. |
| | 2. સંરક્ષણ ઉપાયો જેવા કે અભયારણ્યો રાષ્ટ્રીય ઉદ્યાનો, આરક્ષિત યોજનાઓ વડે તેમને બચાવી શકાય છે. | લુપ્ત જાતિઓ પુનઃજીવિત કરી શકાતી નથી |
| | 3. વાઘ, સિંહ, હાથી, જંગલી ભેંસ સાબર નાશ:પ્રાય જાતિઓ છે. | ડાયનોસોર લુપ્ત જાતિ છે. |

| 4. | વનસ્પતિ સૃષ્ટિ | પ્રાણીસૃષ્ટિ |
|---|---|---|
| | 1. પૃથ્વી પરની હરિયાળી વનસ્પતિ સૃષ્ટિને કારણે છે. | પ્રાણીસૃષ્ટિના મોટા ભાગનાં પ્રાણીઓ ખોરાક માટે વનસ્પતિ પર સીધાં આધારિત છે. |
| | 2. જે-તે વિસ્તારની વનસ્પતિઓને તે વિસ્તારની વનસ્પતિ સૃષ્ટિ કહે છે. | જે તે વિસ્તારનાં પ્રાણીઓને તે વિસ્તારની પ્રાણીસૃષ્ટિ કહે છે. |
| | 3. વનસ્પતિ સૃષ્ટિના સભ્યો પ્રકાશ સંશ્લેષણ ક્રિયામાં વાતાવરણમાંથી કાર્બન ડાયોક્સાઇડનું શોષણ કરે છે. | પ્રાણીસૃષ્ટિના સભ્યો પ્રકાશસંશ્લેષણ કરી શકતા નથી, તેથી કાર્બન ડાયોક્સાઇડનું શોષણ કરતા નથી. |
| | 4. સાલ, સાગ, આંબો, જાંબુ વગેરે વનસ્પતિ સૃષ્ટિ છે. | ચિંકારા, ચિત્તલ, નીલગાય, દીપડો, વગેરે પ્રાણીસૃષ્ટિ છે. |

| 5. | વન્યપ્રાણી અભયારણ્ય | રાષ્ટ્રીય ઉદ્યાન |
|---|---|---|
| | 1. વન્યપ્રાણી અભયારણ્ય મનમોહક સુંદરતાનો વિસ્તાર હોઈ શકે અથવા ન હોઈ શકે. | રાષ્ટ્રીય ઉદ્યાન મનમોહક સુંદર જગ્યોએ જ હોય છે. |
| | 2. વન્યપ્રાણી અભયારણ્યમાં સામાન્ય રીતે મુલાકાતીઓને સહેલાઈથી પહોંચવાની મંજૂરી હોતી નથી. | રાષ્ટ્રીય ઉદ્યાનમાં મુલાકાતીઓને સહેલાઈથી પ્રવેશ મળે છે. |
| | 3. વન્યપ્રાણી અભયારણ્ય તેમનાં કુદરતી વાતાવરણમાં જંગલી પ્રાણીઓનું રક્ષણ અને જાળવણી કરે છે. | રષ્ટ્રીય ઉદ્યાનના નૈસર્ગીક વાતાવરણમાં જંગલી પ્રાણીઓનું રક્ષણ થાય છે. ઉપરાંત તે તેની સુંદરતાની અને ઐતિહાસિક પદાર્થોની પણ જાળવણી થાય છે. |

**➽ જોડકા જોડો** **(Marks - 12)**

1. (1) > (c), (2) > (a), (3) > (d), (4) > (b).
2. (1-c), (2-d), (3–b), (4 -a}, {5-f),(6- e)
3. (1-e], {2-c), (3 - a), (4 - B), (5–d), (6–f).
4. (1) > (d), (2) > (a), (3) > (b), (4) > (c).
5. (1) > (b), (2) > (c), (3) > (d), (4) > (a).

## SECTION - B

**➽ નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો** **(Marks - 13)**

1. વનનાબૂદીનો જવાબ જ પુનઃ વનીકરણ છે. પુનઃ વનીકરણનો ઉદ્દેશ કાપવામાં આવેલ વૃક્ષોની ઘટ પૂરી કરવા નવા વૃક્ષોની રોપણી કરવાનો છે. આપણે ઓછામાં ઓછા એટલા તો વૃક્ષો ઉછેરવા જોઈએ જેટલા 'ખાપણે કાપીએ છીએ, કુદરતી રીતે પણ પુનઃ વનીકરણ થઈ શકે છે. જો આપણે તે વિસ્તારને ખલેલ પહોંચાડ્યા વગર રહેવા દઈએ તો તે સ્વયં પુનઃ પ્રસ્થાપિત થઈ શકે છે. આપણે આપણા જંગલોને અત્યાર સુધી ઘણું નુકસાન કરી ચૂક્યા છીએ. જે આપણે આપણી આવનારી પેઢી માટે હરિયાળી સંપત્તિ બનાવી રાખવી હશે તો વધારેમાં વધારે વૃક્ષારોપણ કરવું જ પડશે. એ જ એકમાત્ર વિકલ્પ છે.
2. પુખ્ત બનેલા પૂરા 17 ઝાડનું નિકંદન કરો ત્યારે ટેન પેપર બનાવી શકાય છે. તેથી આપણે પેપર બચાવવા જોઈએ અને વાપરેલા પેપરનું 5થી 7 વખત રિસાયકલ પણ કરી શકાય છે. જે એક વિદ્યાર્થી રોજિંદું એક પેપર પણ બચાવે તો વર્ષે ઘણા ઝાડ બચી જાય. આમ, ઓછા પેપર વાપરવાથી આપણે ફક્ત ઝાડ જ નથી બચાવતી પરંતુ એક ઝાડ બનાવવા માટે વપરાતી શકિત તેમજ પાણી બધું જ બચાવીએ છીએ, તદ્દપરાંત પેપર બનાવવા માટે નુકસાનકારક રસાયણ પણ ઓછું વપરાય છે.

BHAVDIP VADHER (E-LEARNING)

3. આબોહવાનાં પરિવર્તનને કારણે પક્ષીઓ વર્ષનાં ચોક્કસ સમય દરમિયાન દૂર વિસ્તારોમાં પ્રવાસ કરે છે. તેઓ ઈંડાં મૂકવા માટે ઉડાન કરે છે, કારણ કે તેમના કુદરતી નિવાસસ્થાનમાં હવામાન ખૂબ જ ઠંડું અને પ્રતિકૂળ હોય છે, સ્થળાંતરણ એ સ્થિતિ છે જેમાં કોઈ જાતિનું પોતાના નિવાસસ્થાનેથી બીજા નિવાસસ્થાને દરેક વર્ષે ચોક્કસ સમયે વિશેષરૂપે પ્રજનન માટે સ્થળાંતરણ થવું તે. જે પક્ષીઓ બીજ દેશ સુધી પહોંચવા માટે લાંબા અંતરને આવરી લે છે તે સ્થળાંતરિત પક્ષીઓ તરીકે ઓળખાય છે.

4. સાતપુડા રાષ્ટ્રીય ઉદ્યાન એક વિશાળ આરક્ષિત ક્ષેત્ર છે. સાતપુડા રાષ્ટ્રીય ઉદ્યાન વનસ્પત્તિજાતા, પ્રાણી જાત, ભૂમિવિસ્તાર તથા ઐતિહાસિક વસ્તુનું સંરક્ષણ કરે છે. સાતપુડા રાષ્ટ્રીય ઉદ્યાન ભારતનું પ્રથમ આરક્ષિત જંગલ છે. ઉચ્ચ પ્રકારનાં સાગ આ જંગલમાં જોવા મળે છે.સાતપુડા રાષ્ટ્રીય ઉદ્યાનમાં ખડકોનાં આશ્રય (ગુફાઓ) પણ આવેલ છે. ગુફાઓ આપણને આદિમાનવના જીવન વિશે ખ્યાલ આપે છે, પથ્થરોની આ ગુફામાં ચિત્રકામ પણે જોવા મળે છે, આપણી સરકારે વાઘના સંરક્ષણ માટે સાતપુડામાં 'પ્રોજેક્ટ ટાઈગર' અમલમાં મૂક્યો છે. વાઘ એક એવી જાતિઓમાંથી એક છે, જે ધીરે ધીરે જંગલમાંથી નાશ પામી રહી છે. પરંતુ સાતપુડા બારણિત યૌત્રમાં વાઘની જાતિમાં વધારો થઈ રહ્યો છે, જે સાતપુડ સંરક્ષણનું આગવું ઉદાહરણ છે, થોડાક વર્ષો પૂર્વે સાતપુડા રાષ્ટ્રીય ઉદ્યાનમાં સિંહ, હાથી,જંગલી ભેંસ તથા સાબર જોવા મળતા હતા.

5. આપણી પૃથ્વી પર બહોળા પ્રમાણમાં વનસ્પતિ અને પાણીઓ અસ્તિત્વ ધરાવે છે. વનસ્પતિ અને પ્રાણીઓ માનવ જરૂરિયાત માટે આવશ્યક છે. આ બધા સજીવોને જે જીવિત રહેવું હોય તો વનનાબૂદી એ એક મોટો ખતરો છે. આપણે જાણીએ છીએ કે વનનાબૂદી એટલે વનનો નાશ કરીને પ્રાપ્ત જમીનનો અન્ય કાર્યો માટે ઉપયોગ કરવો. વનમાં વૃક્ષોની કાપણી નીચેનાં ઉદ્દેશ્યથી કરવામાં આવે છે .(1) ખેતીવાડી માટે જમીન પ્રાપ્ત કરવી, (2) વર તેમજ કારખાનાઓનું નિર્માણ કરવું. (3) ફર્નિચર બનાવવા તથા લાકડાનો બળતણ માટે ઉપયોગ કરવો.

6. વનકટાઈ એટલે વનમાં વૃક્ષોની કાપણી. વનકટાઈથી થતું નુકસાન પુનઃવનીકરણથી પૂરી શકાય. પુનઃવનીકરણનો ઉદ્દેશ કાપવામાં આવેલાં વૃક્ષોની ઘટ પૂરી કરવા નવાં વૃક્ષોની રોપણી કરવાનો છે. જંગલમાં જે જાતિનાં વૃક્ષો કપાયાં હોય તે જ જાતિનાં વૃક્ષો રોપવામાં આવે છે. આપણે જેટલાં વૃક્ષો કાપીએ છીએ, ઓછામાં ઓછાં તેટલાં વૃક્ષો ઉછેરવાં જોઈએ.ગામ, શહેરના રસ્તાની બંને બાજુએ, રસ્તાની વચ્ચેના ભાગ (ડિવાઇડર), ફાજલ કે પડતર જમીનો પર વૃક્ષારોપણ કરી હરિયાળી સંપત્તિ પુનઃ ઊભી કરી શકાય.કુદરતી રીતે પુનઃવનીકરણ થઈ શકે છે. કુદરતી વનીકરણમાં માનવની કોઈ ભૂમિકા હોતી નથી. વનકટાઈ પામેલા વિસ્તારને ખલેલ વગર રહેવા દેવામાં આવે છે. આવા વિસ્તારો સ્વયં પુનઃ પ્રસ્થાપિત થઈ જાય છે.

7. સાતપુડા રાષ્ટ્રીય ઉદ્યાન ભારતનું પ્રથમ આરક્ષિત જંગલ છે. આ જંગલમાં ઉચ્ચ પ્રકારનાં સાગ જોવા મળે છે. તેમાં ખડકોના આશ્રય (ગુફાઓ) આવેલા છે. લગભગ 55 ગુફાઓની ઓળખ થઈ ચૂકી છે. પથ્થરોની આ ગુફાઓમાં ચિત્રકામ જોવા મળે છે. આ કલાકૃતિઓમાં પ્રાણીઓ તેમજ મનુષ્યોના લડતાં, શિકાર કરતાં, નૃત્ય કરતાં તેમજ વાદ્ય-યંત્રો વગાડતાં દર્શાવવામાં આવ્યાં છે. ગુફાઓ આ જંગલોમાં મનુષ્યની ગતિવિધિઓની પ્રાગૈતિહાસિક સાબિતી છે. તે આપણને આદિમાનવના જીવનનો ખ્યાલ આપે છે.

8. વન્ય જીવો (વનસ્પતિઓ અને પ્રાણીઓ) તેમજ તે વિસ્તારના આદિવાસીઓના પારંપરિક રીતે જીવનનિર્વાહના હેતુ માટે સુરક્ષિત વિસ્તારને જૈવાવરણ આરક્ષિત વિસ્તાર કહે છે. પચમઢી જૈવાવરણ આરક્ષિત વિસ્તારમાં સાતપુડા નામનો એક રાષ્ટ્રીય ઉદ્યાનતથા બોરી તેમજ પચમઢી નામનાં બે વન્ય પ્રાણી અભયારણ્ય આવેલાં છે. પચમઢી આરક્ષિત વિસ્તારની વનસ્પતિ સૃષ્ટિ : સાલ, સાગ, આંબો, જાંબુ, હંસરાજ, અર્જુન વગેરે. પચમઢી આરક્ષિત વિસ્તારની પ્રાણીસૃષ્ટિ : ચિંકારા, નીલગાય, બાર્કિંગ ડીઅર (ભસતું હરણ), ચીત્તલ, દિપડો, જંગલી કૂતરો, વરુ. પચમઢી સ્થાનિક જાતિઓ : સાલ અને જંગલી આંબા, જંગલી બળદ અને ઊડતી ખિસકોલી.

9. સંકટમાં મુકાયેલાં કેટલાંક મહત્વપૂર્ણ જંગલી પ્રાણીઓ જેવાં કે કાળું હરણ, શ્વેત આંખોવાળું હરણ, હાથી, સોનેરી બિલાડી, ગુલાબી શીર્ષવાળું બતક, ઘડિયાળ, કાદવમાં રહેતો મગર, અજગર, ગેંડો વગેરે આપણા વન્ય પ્રાણી અભયારણ્યમાં સુરક્ષિત અને સંરક્ષિત છે.

10. નાનાં પ્રાણીઓ સાપ, દેડકા, ગરોળી, ચામાચીડિયા અને ઘુવડ વગેરેનો લુપ્ત થવાનો ભય વધારે છે. આ પ્રાણી કદમાં નાનાં છે છતાં નિવસનતંત્રમાં તેમનું મહત્વનું યોગદાન છે. તેઓ આહારજાળ અને આહારશૃંખલાનો ભાગ છે. આપણે તેઓને નિર્દયતાથી મારી નાખીએ છીએ. આ રીતે આપણે આપણી જાતને નુકસાન પહોંચાડીએ છીએ. નિવસનતંત્રમાં તેમના મહત્વને કારણે તેમને બચાવવાં જોઈએ.

11. સ્થાનિક જાતિઓ એટલે કોઈ એક જ ક્ષેત્રમાં વિશિષ્ટ રૂપે જોવા મળતી વનસ્પતિ કે પ્રાણી જાતિ છે. તે અન્ય વિસ્તારમાં પ્રાકૃતિક રીતે જોવા મળતી નથી.

12. વનનાબૂદીની ભૂમિ પર થતી અસરો : (1) ભૂમિનું ધોવાણ વધે (2) ભૂમિની ફળદ્રુપતા ઘટે (3) ભૂમિની જલસંગ્રહ ક્ષમતામાં ઘટાડો (4) ભૂમિના ઉપરના પડ દ્વારા નીચેનાં સ્તરોમાં પાણી પ્રવેશવાની ક્રિયામાં ઘટાડો (5) ભૂમિનાં પોષક તત્વોના પ્રમાણ, બંધારણ પર વિપરિત અસર.

BHAVDIP VADHER (E-LEARNING)

13. વનસ્પતિઓ પર્યાવરણમાં જલચક્રને જાળવી રાખવા માટેના મુખ્ય એકમ છે. વનનાબૂદીથી વનસ્પતિઓ વડે પાણીનું શોષણ, બાષ્પરૂપે ઉત્સર્જન બંધ થતું જાય છે. વાતાવરણમાં યોગ્ય પ્રમાણમાં બાષ્પ એકત્ર થતી નથી. બાષ્પ ઠંડી પડવા માટેની સ્થિતિ સર્જાતી નથી. વરસાદી પવનોને રોકવા માટે વક્ષો ન હોવાથી વરસાદમાં ઘટાડો આવ્યો છે.

BHAVDIP VADHER (E-LEARNING)